## (1) ભારતમાં વર્ટીકલ અને હોરીઝોન્ટલ રિઝર્વેશનના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ રિઝર્વેશનનો સંબંધ અનુસુચિત જનજાતિ, અનુસુચિત જાતિ અને પછાત વર્ગોના અનામતથી છે.

(2) વર્ટિકલ રિઝર્વેશનમાં મહિલાઓ વૃદ્ધો, ટ્રાન્સઝેન્ડર સમુદાય અને વિકલાંગોનો સમાવેશ થાય છે જે હોરિઝેન્ટલની એક શ્રેણી છે.

(3) ભારતમાં 15(3) હેઠળ હોરિઝેન્ટલ અને 16(4) હેઠળ વર્ટિકલ અનામતની જોગવાઈ છે.

(4) વર્ષ 1995માં 77મા બંધારણીય સુધારાથી અનુચ્છેદ 16(4A) જોડવામાં આવ્યો હતો.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (2) અને (3) (D) માત્ર (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ હાલમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ટિકલ અને હોરિઝેન્ટલ રીઝર્વેશનની કાયદેસર સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવી.

**વર્ટિકલ આરક્ષણ**

⇛ વર્ટિકલ આરક્ષણ અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાતવર્ગોથી સંબંધિત છે.

⇛ અનુચ્છેદ 16(4)માં આ આરક્ષણની જોગવાઈ છે.

**હોરિઝોન્ટલ આરક્ષણ**

⇛ હોરિઝોન્ટલમાં વર્ટિકલ આરક્ષણની એક વિશેષ શ્રેણી મહિલાઓ, વૃદ્ધો, ટ્રાન્સઝેન્ડર સમૂદાય અને વિકલાંગોનો સમાવેશ થાય છે. જેમને વર્ટિકલમાંથી હોરિઝેન્ટલમાં લેવામાં આવેલ છે.

⇛ અનુચ્છેદ 15(3)માં તેમનો સમાવેશ થાય છે.

**ભારતમાં અનામત સંબંધી જોગવાઈ**

1. 15(3) અનુચ્છેદ મહિલાઓ માટે અનામત.
2. અનુચ્છેદ 15(4) અને 16(4) રાજ્યને અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે સરકારી સીટોનું અનામત રાખવાની શક્તિ આપે છે.
3. વર્ષ 1995માં 77મા સંશોધનથી 16(4A) જોડી જે પ્રમોશનમાં અનામત માટે છે.
4. સર્વોચ્ચ ન્યાયાલયે હાલમાં અનુચ્છેદ-32 હેઠળ અનામતને મૌલિક અધિકાર ન ગણીને એક યાચિકાને રદ કરી છે.
5. વર્ષ 2001માં 85મા સુધારા દ્વારા 16(4A)માં સુધારો કરી અનુસૂચિત જાતિ અને જનજાતિને પરિણામી વરિષ્ઠતા આપવામાં આવી.
6. વર્ષ 2000માં 81માં સંશોધન દ્વારા બેકલોગની વ્યવસ્થા આપવામાં આવી SC અને ST માટે.
7. અનુચ્છેદ 320 અને 532 હેઠળ SC અને STને ક્રમશ: સંસદ અને વિધાનસભામાં આરક્ષણ.
8. અનુચ્છેદ 243D પંચાયતમાં આરક્ષણ SC અને STને પંચાયતમાં આરક્ષણ
9. આ અનુચ્છેદમાં જ મહિલાઓને 1/3 આરક્ષણ છે.
10. અનુચ્છેદ 233T નગરપાલિકામાં SC, STને અનામત.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## (2) અનુસૂચિત અને જનજાતિય ક્ષેત્રના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આદિવાસીઓ દ્વારા વસાવાયેલા અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ક્ષેત્રને અનુસૂચિત ક્ષેત્ર કહે છે.

(2) કાર્બી આંગલોંગ ક્ષેત્રમાં 1986થી એક અલગ રાજ્યની માંગ થઈ રહી છે.

(3) આ રાજ્યની માંગ અનુચ્છેદ 244A હેઠળ થઈ રહી છે.

(4) કાર્બી આંગલોંગ ક્ષેત્ર મેઘાલયના પહાડી વિસ્તારોમાં આવેલું એક અતિ પછાત ક્ષેત્ર છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હાલમાં જ અનુચ્છેદ 244A હેઠળ અસમ રાજ્યમાં કાર્બીલોંગ ક્ષેત્રમાં એક સ્વાયત્ત રાજ્યની માંગ કરવામાં આવી છે. આ ક્ષેત્ર માટે 1989થી આવી માંગ થઈ રહી છે. હાલમાં આ ક્ષેત્ર બે સ્વાયત્ત પરિષદો કાર્બી આંગલોંગ અને ઉત્તરી કછાર પહાડી દ્વારા શાસિત છે.

⇛ આદિવાસીઓ દ્વારા વસાવાયેલ સામાજિક અને શૈક્ષણિક પછાત ક્ષેત્રને અનુસૂચિત ક્ષેત્ર કહેવામાં આવે છે.

**અનુસૂચિત જાતિ અને જનજાતિય ક્ષેત્રોનો વહીવટ**

⇛ ભારતની અનુસૂચિ-5 અને અનુસૂચિ-6 તેમના વહીવટ માટે વિસ્તૃત વિવરણ આપે છે.

**1. પાંચમી અનુસૂચિ**

⇛ આ અનુસૂચિમાં અસમ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ સિવાયના અન્ય રાજ્યોના અનુસૂચિત જાતિ અને જનજાતિય ક્ષેત્રોના વહીવટ અને નિયંત્રણની જોગવાઈઓ છે.

⇛ હાલમાં આ સૂચિમાં 10 રાજ્યોનો સમાવેશ થાય છે.

**2. છટ્ઠી અનુસૂચિ**

⇛ આ અનુસૂચિમાં અસમ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના અનુસૂચિત ક્ષેત્રોના વહીવટ સંબંધિત જોગવાઈ છે.

**અનુચ્છેદ-244**

⇛ આ અનુચ્છેદમાં આ ક્ષેત્રો સંબંધી વહીવટની જોગવાઈઓ છે.

⇛ આ ક્ષેત્રોની વ્યાખ્યા રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. જેનો ઉલ્લેખ 5મી અનુસૂચિમાં છે.

**અનુચ્છેદ-244A**

⇛ અસમના કેટલાંક અનુસૂચિત ક્ષેત્રોનો સમાવેશ કરીને એક સ્વાયત રાજ્યની સ્થાપના તથા તેની સ્થાનિક વિધાનસભા કે મંત્રીપરિષદ અથવા બંન્નેનું નિર્માણ કરવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) ભારતની સાતમી વ્યાપાર નીતિ સમીક્ષાના સંદર્ભમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) ભારતની વ્યાપાર નીતિની સમીક્ષા WTO દ્વારા કરવામાં આવે છે.

(2) આ નીતિ સમીક્ષા નિયમોનું પાલન થઈ રહ્યું છે કે, નહિ તે માટે કરવામાં આવે છે.

(3) ભારતમાં છટ્ઠી વ્યાપાર નીતિ સમીક્ષા 2015માં કરવામાં આવી હતી.

(4) વ્યાપાર નીતિ સમીક્ષા ઉરૂગ્વે રાંઉડનું પરિણામ છે.

(A) માત્ર (1) (B) માત્ર (1) અને (3)

(C) માત્ર (2) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હાલમાં **WTO** દ્વારા ભારતની સાતમી વેપારનીતિની સમીક્ષા કરવામાં આવી છે. આ સમીક્ષા હેઠળ **WTO**ની સર્વેલન્સ પ્રણાલી હેઠળ નીતિમાં સુધાર તથા નિયમોનું પાલન કરવામાં આવે છે. કે, કેમ તેની સમીક્ષા કરવામાં આવે છે.

⇛ ભારતમાં છટ્ઠી વ્યાપારનીતિની સમીક્ષા **2015**માં કરવામાં આવી હતી.

⇛ આ વ્યાપાર નીતિ સમીક્ષા તંત્ર ઉરૂગ્વે રાંઉડની દેન છે.

⇛ વિશ્વ વ્યાપાર સમીક્ષા નીતિમાં **WTO** દ્વારા **GST (2016)** માટે, **TFA (Trade Facilitation Agreement)** માટે ઉઠાવાયેલ પગલાંઓ તથા તેના સીમાશુલ્ક પ્રક્રિયાઓમાં લખાયેલ તેજી, સુગમતા અને સરળતા માટે વખાણ કરવામાં આવ્યાં છે. તથા **EODB**માં 'ટ્રેડિંગ અક્રોસ બોર્ડર' સંકેતકમાં ભારતનાં દેખાવ **FDI** નીતિ અને રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા અધિકાર નીતિ, **2016** ઉદાર બનાવવા માટે વખાણ કરવામાં આવ્યાં છે. **WTO** એ મહામારીથી બચવા **PSH** પર ભારત આપ્યો.

**PSH (Public Stock Holdings)**

⇛ **PSH** સરકારી સાધન છે જ્યારે જરૂરિયાત હોય ત્યારે ખાદ્યાન્ત ખરીદી, ભંડારણ અને વિતરણ માટે સરકાર તેનો ઉપયોગ કરે છે.

⇛ હાલમાં વિકાસશીલ દેશોમાં સાર્વજનિક વિતરણ કાર્યક્રમોને **WTO** દ્વારા ટ્રેડ–ડિસટોર્ટીંગ અંબર બોકસ **(TD-AB)** ઉપાયો હેઠળ રાચવામાં આવ્યા છે. જેમાં **WTO**ની કાપ સંબંધી પ્રતિબદ્ધતાઓ લાગુ પડે છે.

⇛ ભારત અન્ય વિકાસશીલ દેશોની જેમ, આ ખાદ્ય સુરક્ષા સંબંધી કાર્યક્રમોને **WTO**ની સબસીડી કાપ પ્રતિબદ્ધતાઓમાંથી મુકત કરવાની માંગ કરી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) 'ઈન્સ્ટિટયૂશન ઓફ એમિનેંસ' (IOF)ના સંદર્ભમાં યોગ્ય વિધાનો પસંદ કરો.

(1) UGC દ્વારા ઈન્સ્ટિટયૂશન ઓફ એમિનેંસ હેઠળ વિદેશોમાં સંસ્થાનો સ્થાપવાની મંજુરી આપી છે.

(2) આ મંજુરી માત્ર ગૃહમંત્રાલયના નો ઓબ્જેકશન સર્ટીફિકેટ દ્વારા જ મળી શકશે.

(3) આ યોજનાની ઘોષણા નાણામંત્રીએ 2014ના બજેટ ભાષણમાં કરી હતી.

(4) IOEથી સામાન્ય ભારતીયોને ઉચ્ચ ગુણવત્તાવાળી શિક્ષા સસ્તી મળી શકશે.

(A) આપેલ તમામ

(B) માત્ર (1) અને (4)

(C) માત્ર (2) અને (3)

(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ UGCએ તેના નિયમોમાં સંશોધન કર્યું છે. વિદેશ મંત્રાલય અને ગૃહમંત્રાલયના 'નો ઓબ્જેકશન' પ્રમાણપત્ર પછી જ વિદેશમાં સંસ્થાનોની સ્થાપના માટે IOE સંસ્થાનોને મંજૂરી આપવામાં આવી છે.

**IOF (Institution of Eminance)**

⇛ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનોને સશકત બનાવવા માટે વિશ્વ સ્તરીય શોધ સંસ્થાનો અને શિક્ષણ માટે સરકારે આ યોજના શરૂ કરી છે.

1. આ યોજનાની ઘોષણા નાણામંત્રીએ 2016ના બજેટ ભાષણમાં કરી હતી.
2. આ IOFથી ભારતીયોની ઉચ્ચ ગુણવત્તાવાળી શિક્ષા માટે સસ્તી પહોંચ બનશે.

**IOFs ના હેતુઓ**

⇛ ઉત્કૃષ્ટતા અને ઈનોવેશન, વિશેષજ્ઞતા, વૈશ્વિક રેટિંગ, ગુણવત્તા લક્ષી શિક્ષણ અને અનુસંધાન.

**નાણાકીય સહાય**

⇛ IOFમાં માત્ર સાર્વજનિક સંસ્થાનોને 1000 કરોડનું અનુદાન આપવામાં આવશે. જ્યારે ખાનગી સંસ્થાનોને ધન આપવામાં આવશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) NCAUES ભારત ફોરમ-2021ના સંદર્ભમાં નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) NCAUES ભારત ફોરમ-2021નું મૂલ્યાંકન MoSPI-આંકડાકીય અને કાર્યક્રમ કાર્યાન્વયન મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

(2) ભારત આ પરિયોજનામાં ભાગ લેવાવાળો 5મો દેશ છે.

(3) આ પરિયોજનાને ફંડિગ યુરોપીય સંઘ દ્વારા આપવામાં આવે છે.

(4) તેનો મુખ્ય હેતુ ‘વધુ સારું પર્યાવરણ, વધુ સારું કામ’ છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ MoSPI આંકડાકીય અને પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલય દ્વારા પ્રાકૃતિક મૂડી લેખા અને પારિસ્થિતિકી તંત્ર સેવાઓ (NCAUES) ભારત ફોરમ-2021નું મૂલ્યાંકન કરવામાં આવી રહયું છે.

⇛ આ NCAUESમાં બ્રાઝીલ, ચીન, દક્ષિણ આફ્રિકા, મેકસિકો અને ભારત જોડાયેલા છે.

**NCAUES**

⇛ આ પરિયોજના પર્યાવરણ અને પારિસ્થિતિકી તંત્રના લેખાંકનના સિદ્ધાંતો અને વ્યવહારને આગળ વધારે છે.

⇛ આ પરિયોજનાને UNSD (સંયુકત રાષ્ટ્ર સાંખ્યાકીય વિભાગ, UNEP અને CBD સચિવાલય દ્વારા સંયુકત રૂપે લાગુ કરવામાં આવી છે.

⇛ તેનો હેતુ ભાગ લેનાર 5 દેશોને પારિસ્થિતિકી તંત્ર લેખાંકનમાં પર્યાવરણ–આર્થિક લેખાંકન પર જ્ઞાન વધારવાનો છે.

⇛ તેનું ફંડિગ યુરોપીય સંઘ દ્વારા ‘પાર્ટનરશિપ ઈન્સ્ટ્રુમેન્ટ’ના માધ્યમથી થાય છે.

**હેતુઓ :**

1. NCA ક્ષેત્રમાં ભારતની ઉપલબ્ધિઓ પ્રસ્તુત કરવી.
2. ભારતમાં NCAના નવા અવસરોને પ્રાથમિકતા
3. એનસીએ (NCA)માં આંતરરાષ્ટ્રીય એજન્સીઓને પરિચિત કરવા.

⇛ તેનો મુખ્ય હેતુ ‘વધુ સારું પર્યાવરણ, વધુ સારી કાલ’ છે.

⇛ MoSPI 2018થી 'Envistats India'માં પર્યાવરણ ખાતાઓને પણ બહાર પાડે છે.

⇛ NCA–પ્રાકૃતિક મૂડી લેખા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT